# એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલનું હીર રાજ્યકક્ષાની બેડમિન્ટનમાં ઝળક્યું



ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની વિદ્યાર્થિનીએ રાજ્યકક્ષાએ બેડમિન્ટનની રમતમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને શાળા તથા ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે.

સ્કૂલના ધોરણ-૧૧બીમાં અભ્યાસ કરતી નાઝ અંસારીએ અમદાવાદ ખાતે યોજાયેલી બેડમિન્ટન સ્પર્ધામાં અન્ડર-૧૭ વિભાગમાં સિલ્વર મેડલ, સન એન્ડ સ્ટેપ ક્લબ દ્વારા આયોજિત આ જ વિભાગની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અને ગુજરાત બેડમિન્ટન એસોસિએશન દ્વારા રાજકોટ ખાતે આયોજિત સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને વ્યાયામ શિક્ષક નદીમ મેમણે શાળા પરિવાર વતી નાઝને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટ દ્વારા અઠવાડિક સ્કિલ બેઝ્ડ ઈન્ડક્શન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. પ્રથમ દિવસે મોટીવેશનલ સ્પીકર ડૉ. અપૂર્વ રાવલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને આવનાર સમયની માગ, પોઝીટીવ થિંકીંગ, કમ્યુનિકેશન, પર્સનાલિટી ડેવલપમેન્ટ તથા ઈજનેરી અભ્યાસ અને ઈજનેરી શાખાઓના મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કુલ ૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને સંસ્થાના અધ્યાપકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક, ગાંધીનગર ખાતે અદ્યતન ટેકનોલોજીવાળી એડમિનીસ્ટ્રેટીવ ઓફિસ અને હોસ્ટેલના શુભારંભ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી જ્ઞાનપ્રકાશ સ્વામી, હરિવલ્લભ સ્વામી, રામકૃષ્ણ સ્વામી, પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા અને ભાવિક શાહ દ્વારા શ્રીજીની મહાપૂજા કરવામાં આવી હતી.

સ્વામીજીએ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી ક્ષેત્રે જ્ઞાન વધે અને ઉદ્યોગ વિકાસમાં સહભાગી થઈ તેઓ દેશનો વિકાસ કરે તેવા શુભાશિષ પાઠવ્યા હતા. સમગ્ર સ્ટાફ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

# ગાંધીનગરમાં 'જીથરો ભાભો' નાટક ભજવાયું



ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિમાં સૌરાષ્ટ્રની લોકકથાઓનું અનેરું મહત્વ છે તે જ રીતે સૌરાષ્ટ્રના લોકસાહિત્યકારો કાગબાપુ, જેઠ સુહદેવ, મેરુભા ગઢવી, માવદાનજી રત્નું, બચુભાઈ ગઢવી, કેશુભાઈ બારોટ જેવા મહારથીઓએ લોકસાહિત્યમાં વિશ્વમાં અજોડ કહી શકાય તેવી સાહિત્યિક કૃતિઓની ભેટ આપી છે. આ યાદીમાં કાનજીબાપાનું નામ પણ ખૂબ જ પ્રતિષ્ઠાપૂર્વક લેવાય છે. જેમની 'જીથરો ભાભો' વાર્તા હળવી શૈલીમાં સમાજ જીવનમાં ઘણા ઉપયોગી સંદેશ આપી જાય છે જે ભારે લોકપ્રિયતા ધરાવે છે. ગાંધીનગરના ટાઉનહોલ ખાતે હોમગાર્ડસ યુનિટના કાર્યક્રમમાં 'જીથરો ભાભો' નાટય સ્વરૂપે પ્રસ્તુત કરાયું હતું. જેને માણવા ગૃહરાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ છેક અંત સુધી સભાગૃહમાં બિરાજમાન રહ્યા હતા.

# ચીનમાં માનુષ શાહે બ્રોન્ઝ જીત્યો



ગુજરાતના જુનિયર સ્ટાર ટેબલ ટેનિસ ખેલાડી માનુષ શાહે તેની કારકિર્દીમાં વધુ એક સોપાન સર કરતાં ચીનમાં યોજાયેલી ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૧૨થી ૧૬મી જૂન દરમિયાન તાઈચાંગ (ચીન) ખાતે યોજાયેલી આઈટીટીએફ જુનિયર સરકિટ ગોલ્ડન ચાઈના જુનિયર એન્ડ કેડેટ ઓપન ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં જુનિયર બોયઝ સિંગલ્સમાં માનુષે આ સિદ્ધિ હાંસલ કરી હતી. સ્થાનિક ફેવરિટ અને અંતે ચેમ્પિયન બનેલા ક્યુઆન કૈયુઆન સામે હારી જતાં માનુષને બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો હતો.

ડાબોડી ખેલાડીએ ગ્રૂપ તબક્કામાં શાનદાર પ્રારંભ કર્યો હતો અને જાપાનના કાઝુમા સુગિમોટો બાદ બીજા ક્રમે રહ્યો હતો. ગ્રૂપ-૧માં માનુષ ઉપરાંત સુગિમોટો, યેમેનના ઈ. ગુરબાન અને તાઈપેઈના કે. યેનનો સમાવેશ થતો હતો. માનુષે ડાઉન ધી લાઈન અને ફોરહેન્ડ વિનર્સ સાથે આક્રમક રમત રમીને ગુરબાનને ૩-૦ (૧૧-૬, ૧૧-૪, ૧૩-૧૧થી હરાવ્યો હતો. ત્યાર બાદ તેણે કે. યેનને પણ ૩-૧ (૧૦-૧૨, ૧૧-૯, ૧૧-૫, ૧૧-૩થી પરાસ્ત કર્યો હતો. ગ્રૂપ તબક્કામાં તે બીજા ક્રમે રહ્યો હતો. જાપાની ખેલાડી સુગિમોટો સામે તેનો ૨-૩ (૧૧-૬, ૧૧-૭, ૮-૧૧, ૧૦-૧૨, ૪-૧૧થી સંઘર્ષપૂર્ણ પરાજય થયો હતો.

નોકઆઉટ તબક્કાના પ્રથમ રાઉન્ડમાં જાપાનના ટાકેરુ કાશીયા સામે માનુષ ૨-૩થી પાછળ હતો પરંતુ દબાણમાં આવ્યા વિના તેણે લડત આપી હતી અને કેટલાક શાનદાર ફોરહેન્ડ વિનર્સ અને સર્વિસની મદદથી અંતે ૧૧-૭, ૧૩-૧૧, ૪-૧૧, ૬-૧૧, ૫-૧૧, ૧૧-૩, ૧૧-૯થી વિજય નોંધાવ્યો હતો. ક્વાર્ટર ફાઈનલમાં માનુષે હોંગકોંગના પાઉ યિક માનને ૧૧-૭, ૧૦-૧૨, ૬-૧૧, ૧૧-૯, ૧૪-૧૨, ૧૧-૭થી હરાવ્યો હતો. સેમિફાઈનલમાં અન્ય એક જાપાની ખેલાડી અબે યોટો સામે માનુષનો મુકાબલો થયો હતો જ્યાં તેણે અબેને ૧૦-૧૨, ૧૧-૮, ૧૧-૮, ૬-૧૧, ૧૧-૬, ૧૪-૧૨થી હરાવ્યો હતો.

અંતે આ ખેલાડીએ ક્યુઆન સામે સંઘર્ષ કર્યા બાદ પરાજયનો સામનો કરવો પડ્યો હતો જ્યાં તેનો ૪-૧૧, ૧૦-૧૨, ૭-૧૧, ૭-૧૧થી પરાજય થયો હતો. બ્રોન્ઝ જીત્યા બાદ માનુષે જણાવ્યું હતું કે ચીનમાં મેડલ જીતવો હંમેશાં એક સિદ્ધિ મનાય છે. આ પરિણામ અપેક્ષઆ કરતાં સારું રહ્યું છે. સૌથી અગત્યની વાત તો એ રહી કે બે જાપાની ખેલાડી સામે સેમિફાઈનલમાં વિજય હાંસલ કરવા સંતોષજનક બાબત રહી હતી.

## ગુજરાત સ્ટેટ સિલેક્શન ફોર નેશનલ વુમન ચેલેન્જર્સ ચેસ ચેમ્પીયનશીપ -૨૦૧૯

# ધ્યાના પટેલ સળંગ ત્રીજા વર્ષે ચેમ્પીયન



ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સ્ટેટ સિલેક્શન ફોર નેશનલ વુમન ચેલેન્જર્સ ચેસ ચેમ્પીયનશીપ -૨૦૧૯ રાઈફલ કલબ, ખાનપુર, અમદાવાદ ખાતે શનિ-રવિવાર દરમિયાન યોજવામાં આવી હતી. આ ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા કરવામાં આવ્યું હતું. કુલ ૪૩ જેટલા ખેલાડીઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

ધ્યાના પટેલ - ૫.૫ પોઈન્ટ સાથે અગ્રેસર રહી હતી. એ ઉપરાંત અનુક્રમે નંદીની મુદલીયાર - ૫.૫ પોઈન્ટ, ફલક જોની નાઈક - ૫ પોઈન્ટ, વૃષ્ટી શાહ - ૫ પોઈન્ટ, રિધ્ધી પટેલ - ૪.૫ પોઈન્ટ, નિત્યા લહેરી - ૪ પોઈન્ટ, જીનલ યાજ્ઞિક - ૪ પોઈન્ટ, વિશ્વા વડોયા - ૪ પોઈન્ટ સાથે વિજેતા બન્યાં હતાં.

કુલ રૂ.૮,૦૦૦/-નાં રોકડ ઈનામો તથા પ્રથમ ત્રણ વિજેતા ખેલાડીઓને ટ્રોફી દ્વારા ભાવેશ પટેલ (સેક્રેટરી, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) તેમજ મયૂર પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) દ્વારા નવાજવામાં આવ્યા હતા. પ્રથમ ચાર શ્રેષ્ઠ ખેલાડીઓ તામીલનાડુ ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે.

## જન્મદિને વધામણી



નિધિ

બંકિમકુમાર ઠાકોર

મો. ૯૯૭૪૮ ૧૩૧૦૧

# આખરે મેડિકલ ડેન્ટલમાં પ્રવેશ માટેની કાર્યવાહીનો આરંભ કરાયો


ગાંધીનગર, તા. ૧૭

ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયા બાદ લાંબા સમય પછી મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરાઈ છે. ૧૭મીથી ૨૩મી સુધી પીન વિતરણ અને ૨૪મીએ સવારે ૧૧ વાગ્યા સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરાશે. વિદ્યાર્થીઓ પોતાના ભરેલા ફોર્મ ૧૮મીથી ૨૪મી જૂન બપોરે ૪ વાગ્યા સુધી હેલ્પસેન્ટરમાં જઈને ચકાસણી કરાવી શકશે. પ્રવેશ પ્રક્રિયા કયારે શરૂ થવાની છે તેની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

ડિગ્રી એન્જિનયિરિંગમાં પ્રવેશ માટે મોક રાઉન્ડ શરૂ કરી દેવાયો છે ત્યારે હવે મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે પીન વિતરણ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. મેડિકલમા ૪૬૫૦ બેઠકો માટે હાલ પ્રક્રિયા શરૂ કરાઈ છે. જોકે, આ બેઠકોમાં ઈઉજીની ૧૧૫૦ બેઠકોની ગણતરી કરવામાં આવી નથી. આજ રીતે ડેન્ટલમાં ૧૧૫૫ બેઠકોની જાહેરાત કરાઈ છે. જેમાં ૧૮૦ બેઠકો ઈઉજી બેઠકોનો વધારો થશે. હોમિયોપથીની ૩૨૩૫ બેઠકો અને આયુર્વેદની ૧૭૮૦ બેઠકો ઉપરાંત નેચરોપેથીની ૩૦ બેઠકોનો સમાવેશ કરાયો છે. રાજયની ખાનગી બેંકની ૧૦૨ બ્રાન્ચોમાંથી આવતીકાલથી પીનવિતરણની કાર્યવાહી કરાશે. વિદ્યાર્થીઓ ઓનલાઈન પીન મેળવી શકશે. રજિસ્ટ્રેશન કર્યા બાદ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું રહેશે. આ માટે જુદી જુદી મેડિકલ સહિતની કોલેજોમાં વ્યવસ્થા રખાઈ છે. અગાઉની જેમ આ વર્ષે પણ ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં ધસારો ન થાય તે માટે ટોકન પ્રથા લાગુ કરાઈ છે. વિદ્યાર્થીઓએ અગાઉથી એપોઈમેન્ટ લીધા પછી જે સમય આપવામાં આવે ત્યારે ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે જવાનું રહેશે.

# જીવનપદ્ધતિ અને પરંપરાઓનાં રિનોવેશનની કથા

નવલકથા, નોવેલ કે ઉપન્યાસને નામે જેને આપણે ઓળખીએ છીએ તે પશ્ચિમી ગદ્ય સાહિત્ય પ્રકાર આપણે ત્યાં છેલ્લા દોઢસો વર્ષ કરતાં વધુ સમયથી ખૂબ ખેડાતો આવ્યો છે. તેનાં વિવિધ સ્વરૂપોમાં ગ્રામ્ય જીવન, રીતી-રિવાજ, સંસ્કૃતિ, લોકબોલી અને સમાજજીવનને વ્યક્ત કરતી નવલકથાઓ વધુ લોકપ્રિય અને લોકભોગ્ય બનતી રહી છે. તે જો કોઈ એક ચોક્કસ પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતી હોય તો તેને જાનપદી તરીકે પણ ઓળખાય છે. તેવી એક નવલકથા જેના લેખ કચ્છના છે અને ખેડૂત પરિવારમાંથી આવે છે. એમની માતૃભાષા ગુજરાતી ખરી પણ કચ્છી બોલીની છાંટ તેમાં અનુભવાય છે. લેખકની આ બીજી નવલકથા છે જેમાં તેમણે એમના સમાજના લોકોની જીવન સમસ્યાઓ એમની જ બોલીમાં રજૂ કરી છે. લેખકના મતે પરંપરાઓને છેદીને નવ્યક્રાંતિના મંડાણની આ કથા છે, તેના વિશે વાત કરીએ.









'મનબંધણ'ના લેખક હંસરાજ સાંખલાની નવલકથા ૧૮ પ્રકરણ અને ૩૪૦ પાનામાં વિસ્તાર પામેલી નવલકથા છે. આ પહેલાં લેખકે 'છોરાંવછોઈ' નામે પણ એક નવલકથા આપી છે. આ બીજી નવલકથાને જાણીતા વાર્તાકાર, વિવેચક અને લેખક મણીલાલ હ. પટેલની 'સાચું સગપણ સ્નેહનું' નામની મળેલ પ્રતિભાવાત્મક પ્રસ્તાવના ખૂબ જ મહત્ત્વની છે. તે સાથે પોતાના નિવેદનમાં લેખકે બદલાની જીવન શૈલીને અનુરૂપ ફેરફાર શા માટે જરૂરી છે તેને સમજાવવા કલમ ઉઠાવી છે એ વાત નવલકથામાંથી પસાર થતાં વાચકને લાગ્યા વિના રહેશે નહીં.

આ નવલકથામાં મંજુ અને મોહનના જીવનની, પ્રેમની વ્યથા વેદનાની, એકલતા, ઝુરાપાની, સહકાર અને મદદરૂપ થવાની ભાવનાની તેમજ સમાજના રીતરિવાજો અને લોકલાજની ચિંતાઓની વાતો માંડીને વર્ણવાઈ છે. લેખકે મોહન-મંજુની સમસ્યાઓને કચ્છી ગ્રામીણ પરિવેશમાં, પ્રસંગ-ઘટનાઓ સાથે તઆલેખી છે. એમની સાથે સગાં સંબંધીઓ અને કુટુંબ સમાજના ગામોનાં અન્ય પાત્રો પણ ગુંથાતાં આવે છે. લેખકે કથાવાર્તા કહી નથી પણ પ્રસંગોરૂપે આપણી આંખ સામે બનતી બતાવી છે. જેનાથી કથામાં સચ્ચાઈનો રણકો સાંભળી શકાય છે. અને કથા રસાળ પણ બની છે જે વાંચતાં વાચકને સમજાય છે કે કથામાં કાલ્પનિક વાતો અલ્પ છે. જે કાંઈ બને છે કે બન્યું છે તે વાસ્તવિક સમાજ જીવનનો હિસ્સો છે. જીવન દરેક તબક્કે કસોટી કરે છે. પાત્રો મનોમંથનને અંતેય નિર્ણય લઈ શકતાં નથી. સમાજ જાણે તેમને ચોકીદારની જેમ જોઈ રહ્યો હોવાની ભીતિ લાગે છે.

મોહન-મંજુ સ્કૂલમાં ભણતાં ત્યારથી પ્રેમમાં છે. બંને એકબીજા માટે સર્જાયાં હોય એવી જુગલ જોડી નીવડે એવાં છે. દેખાવે, ભણતરમાં, લાગણીભાવે કામ કરવામાં તથા એકમેકને ચાહવામાં સરખાં છે. માન સન્માન જાણે છે, સાચવે છે. એમ વડીલો તથા સમાજનાં બંધનોનીય આમન્યા જાળવે છે. એટલે જ જાણે વિધાતા એમને જુદાં પાડે છે ને તાવણી કરે છે. નિર્ણય ન કરીને મંજુને વધુ વેઠવું પડે છે. આજે સમાજો બદલાયા છે, બદલાઈ રહ્યા છે. એના સંકેતો અહીં પણ છે છતાં એ વાત નિશ્ચિત છે કે કચ્છી પટેલ સમાજમાં પરંપરાઓની હજી ખાસ્સી મજબૂત પકડ છે. મંજુ ગામડે રહીને અને મોહન શહેરમાં રહીને પણ સમાજની શેહમાં જીવી રહ્યાં છે. બંને વચ્ચે રહેલો પ્રેમનો નાતો પણ મંજુની શંકાકુશંકાઓને કારણે પ્રેમમાં વમળો સર્જે છે. મોહન મંજુની મરજી પ્રમાણે એને સુખી કરવા મથે છે. લેખકે બંને વચ્ચેનું અંતર ઘટાડવાની અને મિલનની નવી તકો ઊભી કરી છે. મંજુને એના દીકરાની વહુનો ત્રાસ છે. છતાં સમાજભીરૂ મંજુ મોહનનું ઘર માંડવા માટે હા-નામાં અટવાયા કરે છે. એ રીતે મંજુ ભીરુ-સાથી છે. એ ભાગ્યનાં ભેરુ થવાની તકો જવા દે છે. લેખકે નાયક-નાયિકાનું નોખી રીતે મિલન રચ્યું છે. એમાં સંમત થતાં વાચક અચકાશે એમ વિવેચક મણીલાલ હ. પટેલનું માનવું છે. પરંતુ આ પણ એક શક્યતા છે ને એ શક્યતાને વાસ્તવ જીવનનો આધાર છે.

આમ વૈચિત્ર્યસભર વાસ્તવની સરસ માવજત લેખકે આ કથામાં કરી છે. વળી ખાસ તો ઋતુઓનાં, સીમ ખેતરનાં, ઘર-ગામ પ્રસંગોનાં સુંદર વર્ણનો અને કચ્છમાં બોલાતી બોલીની મીઠાશ કથાનું જમા પાસું છે. એ રીતે ભાષાશૈલીની દૃષ્ટિએ આ વિશિષ્ટ નવલકથા છે. આવી સરસ નવલકથાનું તાજેતરમાં જ હિંમતનગર ખાતે લોકાર્પણ થયું છે ત્યારે લેખકની આ કૃતિને આવકારું છું અને અભિનંદું છું.

મનબંધણ (નવલકથા)
લેખક : હંસરાજ સાંખલા
પ્રકાશક : ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯ ● કિંમત રૂા. ૪૨૫/-

# ગાંધીજીનો વિનોદ

॥ ૬૦મો મણકો ॥

### ૧૫૨ - સંદેશો

વર્લ્ડ ફેલોશિપ ઓફ ફેઈથ નામની સંસ્થાએ તેમની વરસગાંઠના દિવસે એક લેખિત સંદેશો માગ્યો હતો.

ગાંધીજી : હું જે પ્રકારનું જીવન જીવું છું તેમાંથી કોઈ સંદેશો મોકલી શકતો ન હોઉં તો પ્રેમથી શો સંદેશો મોકલું ?

### ૧૫૩ - ચઢેલી રજા ભોગવીશ

એક વાર એક પત્રકારે ગાંધીજીને પૂછ્યું,

સ્વરાજ મળ્યા પછી તમારું સ્થાન ક્યાં હશે ?

ગાંધીજી : લાંબી અને યોગ્ય રીતે ચઢેલી મારી રજા પર ઊતરી જવાનું મને ગમશે.

### ૧૫૪ - માટીનો મુગટ

ગાંધીજીને માટીના વિવિધ પ્રયોગો કરવાનું ગમતું હતું. ઉનાળામાં તેમણે માથા પર માટી મૂકી હતી. તે જોઈ પત્રકારે પ્રશ્ન પૂછ્યો, આ શું છે ?

ગાંધીજીએ સ્મિત કરતાં કહ્યું,

આ માટીનો મુગટ છે.

### ૧૫૫ - મોટા ભાઈનો ઠપકો

સર ચીમનલાલ સેતલવાડ ગાંધીજી સાથે એક પ્રશ્ન પર ચર્ચા કરી રહ્યા હતા. ચર્ચા દરમિયાને તમને લાગ્યું કે આ પ્રશ્ન વિશે ગાંધીજી ઝાઝું જાણતા નથી. તેમણે કહ્યું જે પ્રશ્નની ચર્ચા થતી હોય તેનું જ્ઞાન ન હોય તો તે દગો દે છે. તેથી સર ચીમનલાલે ગાંધીજીને પૂછ્યું,

તમે ઈસ ૧૯૧૯નો ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ વાંચ્યો છે ?

ગાંધીજી : ના.

સર ચીમનલાલ : ચાલુ કાયદા વિશે તમે કશું જાણતા ન હો તો તેને વિશે કેવી રીતે અભિપ્રાય આપી શકો ?

ગાંધીજી મારા તરફ જોઈ રહ્યા અને તેમની બધી વિનોદભરી નમ્રતા સાથે મને સંપૂર્ણ નિઃશસ્ત્ર કરી દીધો. તેમણે કહ્યું,

મોટા ભાઈ તરીકે તમને ઠપકો આપવાનો અધિકાર છે અને નાના ભાઈ તરીકે તમારે એ ઠપકો સહન કરવો જોઈએ.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર